Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# ભારતીય સંસ્કૃતિનો વૈશ્વિક વ્યાપ

**પટેલ વિધિ વિષ્ણુભાઈ**

---

કોઈ પણ વ્યક્તિને પોતાના સમાજના જુદાં-જુદાં રીતરિવાજો હોય છે. કેટલીક માન્યતાઓ હોય છે. આવા રિવાજો કે માન્યતાઓ પેઢી દર પેઢીથી ચાલ્યા આવતા હોય છે. દરેક સમાજને કે એ સમાજની વ્યક્તિને તેના પૂર્વજો તરફથી જે મૂલ્યો, સંસ્કારો, કલાત્મક વારસો કે માન્યતાઓ પ્રાપ્ત થાય છે તેને આપણે સંસ્કૃતિ તરીકે ઓળખાવી શકીએ.જીવનમાંથી સંસ્કૃતિ પ્રગટાવવી એ મનુષ્યની ફરજ છે. આ વાત સમજાવતા કાકા સાહેબ કાલેલકર ‘જીવન અને સંસ્કૃતિ’માં કહે છે કે “કુદરત આપણને જીવન આપે છે. આપણે તેમાંથી સંસ્કૃતિ ખીલવવી જોઈએ. જેવી રીતે પથ્થરમાંથી જેમ શિલ્પ બનાવીએ છીએ તેમ જીવનમાંથી સંસ્કૃતિ પેદા કરવી જોઈએ.”[9]સંસ્કૃતિ દ્વારા જ જે તે સમાજની આગવી ઓળખ ઊભી થાય છે. દરેક સમાજને પોતાની આગવી ભાષા, સાહિત્ય, જીવનપદ્ધતિ, ખોરાક, પોશાક,ટેવો, આહાર, સંગીત, સમાજનું બંધારણ અને કાયદા વગેરે હોય છે. જે તે વિસ્તારના લોકો ભલે કોઈપણ જગ્યાએ સ્થળાંતર કરે પરંતુ પોતાની સંસ્કૃતિને છોડતાનથી. પોતાને વારસામાં મળેલી ભાષા, પહેરવેશ,રીત-રિવાજો, કલાત્મક આવડતો વગેરેનું સંરક્ષણ કરે છે. સંસ્કૃતિ દરેક જગ્યાએ અને દેશોની ઐતિહાસિક ઓળખ અનુસાર બદલાય છે.

સંસ્કૃતિનું યોગદાન વિશ્વના કોઈપણ દેશના વિકાસમાં કે ઓળખમાં પોતાનું મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. કોઈપણ દેશની સંસ્કૃતિ,મૂલ્ય, રિવાજો અને લક્ષ્યને ઉજાગર કરે છે.સરળ શબ્દોમાં કહીએ તો કોઈ પણ દેશની પ્રજા તેની સંસ્કૃતિના આધારે ઓળખાય છે.ભારત વિશ્વની શ્રેષ્ઠમઅને પ્રાચીન સંસ્કૃતિ છે. બીજા દેશોની સરખામણીએ ભારતીય સંસ્કૃતિ આદિકાળથી પરંપરાગત અસ્તિત્વ સાથે જીવંત રહી છે.ભારતીય સંસ્કૃતિનું વાસ્તવિક નિર્માણ વૈદિક ઋષિઓના હાથે થયું છે એમ માનવામાં આવે છે.

---

[9]જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, ડૉ. નવીનચંદ્ર આચાર્ય, ડૉ. થોમસ પરમાર, પૃ. ૦૨

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

વૈદિક ઋષિઓની પરંપરાઓનું પ્રદાન માત્ર ભારતીય સંસ્કૃતિ જ નહિ પણ જગતભરની માનવ સંસ્કૃતિ માટે અદ્વિત્ય છે. ઋગ્વેદકાલીન દેવતાઓ વિષ્ણુ, સૂર્ય અને રુદ્ર વગેરેની ઉપાસના આજે પણ જોવા મળે છે. આપણી આ સંસ્કૃતિની વિશેષતાના કારણે જ ભારતીય સંસ્કૃતિ સમકાલીન સમયમાં જ નહીં પરંતુ પ્રાચીન સમયથી જ વિશ્વમાં પ્રખ્યાત છે. મલેશિયામાં હનુમાન અને ગરુડની અલૌકિક શક્તિઓ પ્રસિદ્ધ છે. જેના પુરાવાઓ મલેશિયાના સંસ્કૃતના શિલાલેખમાંથીમળે છે.તે ઉપરાંત પ્રાચીન સમયમાં થાઈલેન્ડને 'શ્યામ' નામથી ઓળખવામાં આવતું હતું. થાઈલેન્ડનાં શાસકનો રાજ્યાભિષેક આજના સમયે પણ બ્રાહ્મણો દ્વારા જ કરવામાં આવે છે. તેથી કહી શકાય કે થાઈલેન્ડ(શ્યામ) પણ ભારતીય સંસ્કૃતિથી પરિચિત રહ્યો છે.વાસ્તવમાં પ્રાચીન ભારતની સંસ્કૃતિ યુરોપ અને એશિયાના દેશોની સંસ્કૃતિઓ કરતાં વધુ પ્રભાવક હતી. ભારતનાં ધર્મ, ભાષા, સાહિત્ય, વિજ્ઞાન અને કલાક્ષેત્ર તથા તત્વદર્શનઉચ્ચ કક્ષાનાં હતાં. ડૉ. આર. સી. મજુમદારે યોગ્ય રીતે જણાવ્યું છે કે "અગ્નિ એશિયાઈ દેશોને સભ્ય બનાવવામાં ભારતનું પ્રદાન એટલું જ મહત્વનું છે, જેટલું સમગ્ર યુરોપના દેશો માટે પ્રાચીન ગ્રીસનું છે."[10]

પ્રાચીન કાળમાં ભારતનો વિશ્વનાં અન્ય દેશો સાથે ગાઢ સંપર્ક હતો. ભારતીયોએ ચારે દિશામાં આવેલા અનેક દેશો સાથે વ્યાપારી, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજનૈતિક સંબંધો સ્થાપ્યા હતા. ભારતવાસીઓએ જલમાર્ગે અને જમીનમાર્ગે દૂરના દેશોમાં જઈ વેપારનો વિસ્તાર કર્યો હતો, ત્યાં વસાહતો સ્થાપી હતી અને ભારતના સાંસ્કૃતિક અને ધાર્મિક આદર્શોનો પ્રચાર કર્યો હતો. એ દેશોમાંથી મળી આવતાં મંદિરો,શિલાલેખો અને ગ્રંથોએના પુરાવાઓ આપે છે.હિંદુ ધર્મ-પંડિતો અને બૌદ્ધ ભિક્ષુકો અનેક સંકટોનો સામનો કરીને વિદેશોમાં જતાં હતા. બૌદ્ધ ભિક્ષુઓએ ચીન, જાપાન, તિબેટ, શ્રીલંકા, મ્યાનમાર જેવા દેશોમાં માત્ર બૌદ્ધ ધર્મનો જ નહિ, ભારતીય સંસ્કૃતિનો પણ પ્રચાર જે તે સમયે કર્યો હતો જે પ્રભાવ આજે પણ જોવા મળે છે.એમાંથી પ્રેરણા લઈને શૈવ અને વૈષ્ણવ ધર્મના આચાર્યો પણ અગ્નિ એશિયાના કેટલાય દેશોમાં ગયા હતા.જાવાની પૂર્વમાં

[10]https://gujarativishwakosh.org

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

આવેલા બાલિદ્વીપમાં ભારતીયો ઈ.સ.ની શરૂઆતની સદીઓમાં જઈ વસ્યા હતા.પરિણામે ભારતીય ધર્મ અને સંસ્કૃતિનો એશિયાના અનેક દેશોમાં પ્રચાર થયો.

ભારતની કળાઓએપણ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ ઉજાગર કરવામાં ઉન્નત શિખરો સર કર્યા છે. જીવન પ્રત્યેના આચાર-વિચાર,પરંપરાઓ,નિયમિત્તતાના ખ્યાલો,જીવનરીતિઓ અને જીવનાદર્શોને આકળાઓએ વારંવાર પરિષ્કૃત કર્યા છે અને એટલે જ આજે વિશ્વભરમાં આપણી આ ભારતીય સંસ્કૃતિ પ્રચલિત અને સન્માનીય છે. આજે પણ આ સંસ્કૃતિ પોતાની મૂળ ઓળખ અને ખુમારી સાથે હજી પણ જીવે છે. સમય પરિવર્તનને કારણે આ સંસ્કૃતિમાં પણ કેટલાક બદલાવો જોવા મળે છે પરંતુ સમયના બદલાવની ગતિની સાથે ચાલનારી સંસ્કૃતિક્યારેય પણ મૃત બનતી નથી. પ્રાચીન સમયથી લઈ આજદિન સુધી ભારતીય સંસ્કૃતિ વિદેશમાં પોંખાતી આવી છે.એમાં કલાઓ હોય, ભારતીય તહેવારો, ઉત્સવો, ખાનપાન, પોશાક, આભૂષણો, સાહિત્ય વગેરે અન્ય દેશના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે. આ ભારતીય સંસ્કૃતિ એની આગવી વિશેષતાના કારણે વિશ્વમાં પ્રચલિત છે.

ભારતનો સ્થાપત્ય કલા અને સાંસ્કૃતિક વારસો બહુમૂલ્ય અને ગૌરવવંતો છે. જેમાં ભારતમાં વિકસેલી વિવિધ પ્રાચીન સંસ્કૃતિઓ, વસાહતો તેમજ વિવિધ સ્મારકો જેવા કે મહેલો, મંદિરો, મસ્જિદો, મકબરા, ઐતિહાસિક પ્રવેશદ્વારો, વાવો,કૂવા, તળાવો અને ગુફાઓ આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાના પ્રતીકો છે. જેને નિહાળવા માટે વિશ્વના જુદાં-જુદાં દેશોમાંથી મોટી સંખ્યામાં પર્યટકો આવે છે. મોઢેરાનું સૂર્યમંદિર, કોણાર્કનું સૂર્યમંદિર, તાજમહલ, કુતુબમિનાર, રાણકી વાવ, લાલ કિલ્લો, અજંતા-ઈલોરા, લોથલ, ધોળાવીરા આ સ્મારકો હંમેશા બહારની વિદેશી પ્રજા માટે મોટું આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે. મોઢેરાનાં સૂર્યમંદિરની અદ્ભુત શિલ્પકળા, પ્રાચીન ઈતિહાસ અને સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવા અને તેના વિશ્વને દર્શન કરાવવા માટે દર વર્ષે ઉત્તરાયણ પછી જાન્યુઆરી મહિનાના ત્રીજા અઠવાડિયામાં ત્રણ દિવસ માટે મોઢેરા નૃત્ય મહોત્સવનું આયોજન ગુજરાત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા કરવામાં આવે છે; જેમાં દેશના વિવિધ ભાગોમાંથી આવતા કલાકારો શાસ્ત્રીય નૃત્ય રજૂ કરે છે. કચ્છમાં

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

આવેલું કાઠીઓનાં ઇતિહાસની સાક્ષી પુરાવતા જૂનાં સૂરજદેવળ વિશે કર્નલ જેમ્સ ટોડ પોતાના 'પશ્ચિમ ભારતની યાત્રા' પુસ્તકમાં નોંધે છે કે "પોતે કંથકોટની મુલાકાત લીધી હતી અને કાઠીઓની પ્રાચીન રાજધાની કંથકોટ ખંડેર હાલતમાં ચમકી રહી હતી. ટોડ વધુમાં નોંધે છે કે, ઈસવીસન ૭૫૦માં કાઠીઓ સિંધનામુલતાનથી કચ્છમાં થઈ સૌરાષ્ટ્રમાં વસ્યા હશે. માર્ગમાં મધ્ય, દક્ષિણ અને પૂર્વ કચ્છમાં કેટલાંક વર્ષો સુધી વસવાટ કર્યો હશે."[11] એટલે એવું કહી શકાય કે આપણી સંસ્કૃતિની નોંધ બીજા દેશના વ્યક્તિઓનાં પ્રવાસગ્રંથોમાં પણ  જોવા મળે છે. અમદાવાદની સીદી સૈયદની જાળી માટે પરદેશી યુરોપિયન કલા વિવેચકોએ ભરપૂર વખાણ કર્યા છે. રોમ અને ગ્રીસના કલાકારોને પણ ઝાંખા પડે તેવી અદ્ભુત કલા રચના આ સીદી સૈયદની જાળી હોવાનું નિવેદન ફર્ગ્યુસને આપ્યું છે. શ્રીલંકામાંથી સરજહોનમાર્શલ અને પરશી બ્રાઉનના મતઅનુસાર આ જાળીઓ વિશ્વની સર્વોત્તમ કલાકૃતિઓ છે. તે ઉપરાંત આપણી પાટણની રાણકીવાવ અનેતાજમહલને વર્લ્ડ યુનેસ્કો હેરિટેજમાં સ્થાન મળ્યું છે. વિશ્વનાં ઘણા લોકો આ સ્થળોની મુલાકાતે આવે છે.

ભારતીય સંસ્કૃતિનું સ્વાગત ખૂબ જ આદર્શ અને સન્માનીય ગણાય છે. ભારતની ભૂમિ જ એવી છે. અહીનાં પ્રદેશે-પ્રદેશે સ્વાગતની નોખી રીત જોવા મળે છે.મહેમાનોનો આદર નમસ્તે કહીને આવકારની ભાવનાને વ્યકત કરવામાં આવે છે. બંને હાથની હથેળી ભેગી કરી માથું નીચું નમાવી ફકત અન્ય માટે સન્માન કરી હૃદયમાં કૃતજ્ઞતાની લાગણીનો અનુભવ કરે છે. આ સ્વાગતની પ્રથા અત્યારનાં સમયે ઘણા દેશોની હોટલ દ્વારા જે સ્વાગત કરવામાં આવે છે એમાં અપનાવવામાં આવતી જોવા મળે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના ખાનપાનની વાત કરીએ તો વર્ષો પૂર્વે અને આજે અભ્યાસ તેમજ વેપાર અર્થે બહાર ગયેલ ભારતીય પ્રજાએ વિશ્વનાં ઘણાં દેશોના ખૂણે ખૂણે ફુલકા રોટલી, ભારતીય મીઠાઈઓ, કાઠીયાવાડી વાનગીઓ, થેપલા, ઊંધિયું, અથાણા વગેરે જેવી કેટલીય વાનગીઓનો સ્વાદપહોંચાડ્યો છે. હાલમાં યુ.કે.માં ભારતીય બિહારી સમોસા ત્યાંના વસતા ભારતીય તેમજ વિદેશી લોકોના આકર્ષણનું

[11]ગુજરાતની અમૂલ્ય ધરોહર, નરેશ અંતાણી, પૃ. ૬૪

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

કેન્દ્ર બન્યા છે. તે ઉપરાંત કેટલીય પ્રખ્યાત વાનગીઓ પાવડર ફોર્મમાં વિદેશી લોકો ભારતમાંથી ત્યાં લઈ જાય છે. આમ આપણા ખાનપાન વિદેશોમાં પણ પ્રચલિત થયાં છે.

લોકનૃત્ય ગુજરાતી ગરબાતો જગ વિખ્યાત છે જ.ગુજરાતના ગરબાને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી છે. ગરબાએ હવે દેશના સરહદ સીમાડા વટાવીને વૈશ્વિક સ્તરે ગૌરવપૂર્ણ સ્થાન મેળવ્યું છે. રાજ્યના પ્રખ્યાત પરંપરાગત લોકનૃત્ય ગરબાને યુનેસ્કોની માનવતાના અમૃત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાંય વર્ષોથી યુએસ.એ. અને યુ.કે. જેવા દેશોમાં ગુજરાતી ગરબાએ પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું છે. જેની માટે ભારતના પ્રખ્યાત ગુજરાતી ગરબાના લોકગાયકોને પણ આમંત્રણ આપવામાં આવી રહ્યાં છે. આપણા લોકકલાકારો પણ વિશ્વમાં ઘણા પ્રસિદ્ધ છે. તે ઉપરાંત ભારતના યોગ, વૈદિક મંત્રોચ્ચાર, લદાખમાં બોધ મંત્રોચ્ચાર, રામલીલા, કુંભ મેળો વગેરે સાંસ્કૃતિક વારસાનો પણ યુનેસ્કોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશી લોકોનેઆપણી સંસ્કૃત ભાષા અને વેદો શીખવવા માટે અત્યારે ઘણી યુનિવર્સિટીઓ દ્વારા ઓનલાઇન ક્લાસ પણ ચલાવવામાં આવે છે.

ભારતીય સ્ત્રી પુરુષોની સુંદરતા તેમના પોશાકમાં જોવા મળે છે અને એટલે દુનિયાભરમાં ભારતીય પોશાકમાં સાડીનો પોશાક અપનાવાયો છે. તેમાં પણ મુખ્યત્વે પટોળાં અને બાંધણીની સાડીઓ વિશ્વની નારીઓમાંઆકર્ષણનું કેન્દ્ર રહી છે.કારણ કે નારીનું સૌંદર્ય સાડીમાં અત્યંત સુંદર અને સોહામણુ લાગે છે. એમાં પણ પાટણનાં પટોળાં ખરીદવામાં જેમ બિનનિવાસી ગુજરાતીઓ અને વિદેશીઓને રસ પડે છે તેમ વિદેશીઓને તો પાટણનાં પટોળાં વિશે સંશોધન કરવામાં પણ રસ પડે છે. વિશ્વનાં સંખ્યાબંધ ખ્યાતનામ સંગ્રહાલયોમાં પાટણનાં પટોળાં પ્રદર્શિત કરાયાં છે, તો ક્યાંક તેની હાથસાળો પણ મુકાઈ છે.ફ્રાંસ, જાપાન, અમેરિકા, ઈટાલી, ઓસ્ટ્રેલિયાથી દર વર્ષે અનેક કલાપ્રેમીઓ પાટણનાં પટોળાં જોવા-ખરીદવા અને તે કઈ રીતે બને છે તે સમજવા માટે આવે છે. તે જ રીતે પુરુષોના ઝભ્ભા-કુર્તામાં પણ નવરાત્રીનો પોશાક વિશ્વમાં વધુ પ્રખ્યાત છે. તે ઉપરાંત પરંપરાગત ઘરેણાંઓમાં પણ જોવા મળતું અઢળક

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

વૈવિધ્ય વિશ્વમાં પોતાની એક ઓળખ ઊભી કરે છે. અત્યારના સમયે નાના-મોટાં એક્ઝિબિશન દ્વારા પણ ભારતીય પોશાક અને આભૂષણો દેશ-વિદેશ સુધી પહોંચ્યા છે.

આમ, આપણે એવું કહીશકીએ કે ભારત દેશ તેની ભાતીગળ સંસ્કૃતિની ગરિમાને કારણે વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. કાળક્રમે વિશ્વની અનેક સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ પરંતુ આજે પણ ભારતીય સંસ્કૃતિ માનવજીવનને રાહ બતાવતી હજુ અડીખમ અસ્તિત્વ ધરાવતી ઊભી છે. આવો આપણે સાથે મળી આ સંસ્કૃતિનું જતન કરીએ.

## સંદર્ભ:

૧. અંતાણી, નરેશ.*ગુજરાતની અમૂલ્ય ધરોહર*. સુરત  કલા પ્રતિષ્ઠાન :, ૨૦૧૯ .

૨. ડૉનવીનચંદ્ર આચાર્ય ., ડૉ થોમસ પરમાર.*જગતની અગ્રગણ્ય સભ્યતાઓ*. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૮૨ .

૩. સેદાણી, ડૉ.હસુતાબેન શશીકાંત .*ગુજરાતની લોકસંસ્કૃતિ*. અમદાવાદ યુનિવર્સિટી : ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૯૪ .

૪. https://gujarativishwakosh.org